ઈમ્પેકટ ફી પેટે ૧૭ ફાઈલોના રૂા.૫,૧૬,૮૫૩/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસં વસુલાત રૂા.૯૪,૬૧૧/–, મિલ્કત ભાડાના રૂા.૩,૮૧,૯૬૧/– તેમજ દબાણ ચાર્જના રૂા.૫,૪૭૦/– મળી કુલ રૂા.૪,૮૨,૦૪૨/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

**સુરત મહાનગરપાલિકા**

**સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન**

**અખબારી યાદી**

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર), ફા.પ્લોટ નં.૧૩૪, સબ પ્લોટ નં.૮ થી ૧૧, અમુલ ઈન્ડસ્ટ્રીઝ તરીકે ઓળખાતી મિલ્કતમાં મિલ્કતદારશ્રી ગુલજારીભાઈ મંગેલાલભાઈ મિસ્ત્રી દ્વારા ૨૪.૦૦ મી.× ૨૫.૦૦ મી.(આશરે ૬૪૫૦.૦૦ ચો.ફુટ) માપ વિસ્તારમાં પતરાનો શેડ બનાવવાના ઈરાદે શરૂ કરેલ દિવાલોની ચણતરનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરી ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧,૫૦,૦૦૦/– વસુલવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ડે.કમિશનરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન તેમજ સીધી દેખરેખ હેઠળ અઠવા ઝોનનાં શહેર વિકાસ વિભાગ તેમજ દબાણ વિભાગ તથા સીકયોરીટી સ્ટાફ સાથે રાખી સદરહું કામગીરી કરવામાં આવેલ છે.

TOP

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા કતારગામ ઝોન વિસ્તારમાં સાકારિત વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ તા.૦૬/૦૭/૨૦૧૫,સોમવાર ના રોજ માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને તથા માન.અધ્યક્ષશ્રી,પાણી સમિતિ શ્રી ભુપેન્દ્રભાઈ રાઠોડ, માન.અધ્યક્ષશ્રી,જાહેર બાંધકામ સમિતિ શ્રી વિનોદભાઈ મોરડીયા, માન.અધ્યક્ષાશ્રી,સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી કિશોરીબેન કાપડીયા, માન.અધ્યક્ષશ્રી,આરોગ્ય સમિતિ શ્રી અનિલભાઈ બિસ્કીટવાલા ના વરદ્હસ્તે ઓવરહેડ ટાંકી, વાંચનાલય, વેજીટેબલ માર્કેટ,ભુર્ગભ ટાંકી,આંગણવાડી વગેરેનું ઉદ્ઘાટન કરવામાં આવેલ છે.





(૧) કોસાડ–વરીયાવ ખાતે ૧૫ લાખ લીટર ક્ષમતાની ૨૪ મીટર સ્ટેજીંગ હાઈટવાળી ઓવરહેડ ટાંકી કુલ રૂ.૧૪૯.૫૨ લાખ ના ખર્ચ સાકારિત કરવામાં આવેલ છે.આ ઓવરહેડ ટાંકી થી તે વિસ્તારના અંદાજે ૩૦,૦૦૦ ની વસ્તીને ૫.૧૦ એમ.એલ.ડી પાણીનો પુરવઠો નો લાભ મળશે.

(૨)કોસાડ એચ–૫ ખાતે યુ.સી.ડી અને વાંચનાલય રૂ.૪૧.૭૮ લાખ ના ખર્ચે સાકારિત કરવામાં આવેલ છે. કોસાડ ઈ.ડબલ્યુ.એસ. તથા નજીકના વિસ્તારમાં વસવાટ કરતા યુવાન લોકોને જુદી જુદી રોજગારલક્ષી તાલીમનો લાભ મળી રહે તેવા શુભ આશયથી યુ.સી.ડી.નું આયોજન કરેલ છે.તેમજ બાળકોથી માંડીને વયસ્કો સુધીના તમામ લોકોને નજીકમાં વાંચનનો લાભ મળી શકે તે હેતુસર વાંચનાલય બનાવવામાં આવેલ છે.

(૩) ઉત્રાણ–કોસાડ ખાતે ૨૧ લાખ લીટર ક્ષમતાની ૨૪ મીટર સ્ટેજીંગ હાઈટવાળી ઓવરહેડ ટાંકી રૂ.૨૨૭.૧૫ લાખ ના ખર્ચે સાકારિત કરવામાં આવેલ છે.આ ઓવરહેડ ટાંકી નો લાભ તે વિસ્તારના અદાજે ૨૮૦૦૦ ની વસ્તીને ૪.૯૮ એમ.એલ.ડી.પાણી પુરવઠો મળશે.

(૪) કતારગામ ઝોન વિસ્તારમાં વાંચનાલયન રૂ.૪૧.૮૯ લાખ ના ખર્ચે સાકારિત કરવામાં આવેલ છે. ફુલપાડા,કાંસાંનગર અને કતારગામ અમરોલી રોડનો વિસ્તાર તથા નજીકના વિસ્તારમાં વસવાટ કરતા બાળકોથી માંડીને વયસ્કો સુધીનાં તમામ લોકોને નજીકમાં વાંચનનો લાભ મળી શકે તે હેતુસર વાંચનાલય બનાવવામાં આવેલ છે

(૫)કતારગામ વિસ્તારમાં વેજીટેબલ માર્કેટ રૂ.૪૧.૯૨ લાખ ના ખર્ચે સાકારિત કરવામાં આવેલ છે. કતારગામ,લલીતા ચોકડી અને કાંતારેશ્વર મંદિરનો વિસ્તાર તથા નજીકના વિસ્તારમાં વસવાટ કરતા તમામ લોકોને નજીકમાં શાકભાજી અને ફળફ્રુટની ખરીદીનો લાભ મળી શકે તે હેતુસર વેજીટેબલ માર્કેટ બનાવવામાં આવેલ છે.

(૬) કતારગામ વિસ્તારમાં વેજીટેબલ માર્કેટ રૂ.૨૬.૪૪ લાખ ના ખર્ચે સાકારિત કરવામાં આવેલ છે.કતારગામ,લલીતા ચોકડી,આંબાતલાવડી અને લક્ષ્મીકાંત મંદિરનો વિસ્તાર તથા નજીકના વિસ્તારમાં વસવાટ કરતા તમામ લોકોને નજીકમાં શાકભાજી અને ફળફ્રુટની ખરીદીનો લાભ મળી શકે તે હેતુસર વેજીટેબલ માર્કેટ બનાવવામાં આવેલ છે.

(૭) ૧૦૦ લાખ લીટર ક્ષમતાની ભુગર્ભ ટાંકી બુસ્ટર હાઉસ રૂ. ૨,૩૬,૧૧,૨૨૯ ખર્ચે સાકારિત કરવામાં આવેલ તથા ૨૭ લાખ લીટર ક્ષમતાની ૨૪ લાખ મીટર સ્ટેજીંગ હાઈટવાળી ઓવરહેડ ટાંકી,કલોરીન રૂમ,ઈલેકટ્રીક સબ સ્ટેશન અને સ્વીચયાર્ડ રૂ.૧૪૬ લાખ ના ખર્ચે સાકારિત કરવામાં આવેલ છે.જેનો લાભ તે વિસ્તારના અંદાજે ૮૦,૦૦૦ ની વસ્તીને ૧૪.૦૦ એમ.એલ.ડી પાણીનો પુરવઠો મળશે.





(૮) કતારગામ વિસ્તારમાં આંગણવાડી અને વાંચનાલય રૂા.૪૯.૩૮ લાખ ના ખર્ચે સાકારિત કરવામાં આવેલ છે. કતારગામ વેડ રોડ વિસ્તાર તથા નજીકના વિસ્તારમાં વસવાટ કરતાં નાના ભુલકાઓને પાયાનું શિક્ષણ તથા રમતગમત સાથે વિકાસનો લાભ મળી રહે તેવા શુભ આશયથી આંગણવાડીનું આયોજન કરેલ છે.તથા નજીકનાં વિસ્તારમાં વસવાટ કરતા બાળકોથી માંડીને વયસ્કો સુધીનાં તમામ લોકોને નજીકમાં વાંચનનો લાભ મળી શકે તે હેતુસર વાંચનાલય બનાવવામાં આવેલ છે

ઉપરોકત વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ પ્રસંગે માન.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ, માન.ડે.મેયર શ્રીમતી રંજનબેન.કે. વેકરીયા, મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મીડીયા, અધિકારીશ્રીઓ /કર્મચારીઓ  તથા વિશાળ સંખ્યામાં જનતાએ  ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## પ્રેસ નોટ
## સુરત મહાનગરપાલિકા જાહેર આરોગ્ય વિભાગ
## "સ્વચ્છ ભારત અભિયાન"
## તા.૦૬/૦૭/૨૦૧૫

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહરે માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવતા, "સ્વચ્છ સુરત, સુંદર સુરત" ની છબી બગડવા ન પામે તે હેતુસર, "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત તા.૦૬ જુલાઈ ૨૦૧૫ થી ૧૧ જુલાઈ ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની ચોથા તબકકાની ચકાસણી મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

જે અન્વયે તા.૦૬/૦૭/૧૫ (સવારે ૧૧:૦૦ થી ૧:૦૦) સુધીની કામગીરી દરમ્યાન, તમામ ઝોન મળી ૬,૮૪૩–સંસ્થા / દુકાનો / એકમો ચેક કરવામાં આવ્યા, જે પૈકી ૬,૬૨૨–સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૨૨૧–સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ. કામગીરી દરમ્યાન કુલ રૂા.૩૧,૭૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

TOP

## :: પ્રેસનોટ ::

## ''પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા''

**પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત ''શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા'' તા.૦૮/૦૭/૨૦૧૫ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, અડાજણ, સુરત ખાતે યોજવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા બાળતરણવીરોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.**

TOP

## પ્રેસનોટ

પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં સમાવિષ્ટ શહેર વિકાસના કામમાં નડતરરૂપ આંબેડકરનગર ઝુંપડપટ્ટીનાં માન્ય યાદીના–૦૬, અંબિકાનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૩, ભગવતીનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૩, મહાદેવનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧, એકતાનગર ઝુંપડપટ્ટી(રેખા પાર્ક)નાં માન્ય યાદીનાં–૦૩ તથા સંતોષીનગર ઝુંપડપટ્ટીનાં માન્ય યાદીનાં–૦૧ મળી કુલ – ૧૭ લાભાર્થીઓને ટી.પી.સ્કીમ નં. ૯(પાલનપુર–ભેંસાણ), ફા.પ્લોટ નં. ૧૭૬(૧૩ લાભાર્થીઓ) તથા ટી.પી.સ્કીમ નં. ૩૧(અડાજણ), ફા.પ્લોટ નં. ૧૯૧ (૦૪ લાભાર્થીઓ) ખાતે સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા વઘદગચોઢખકગ. યોજના અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૦૬/૦૭/૨૦૧૫ ના રોજ સાંજે ૦૪.૩૦ કલાકે પશ્ચિમ ઝોન(રાંદેર) કચેરી ખાતે પશ્ચિમ ઝોન(રાંદેર)ના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓ તથા સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરપર્સન શ્રીમતી મીતાબેન અનિલભાઈ ચૌહાણની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૦૭.૦૭.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૪૦ ફાઈલના રૂા.૧૫.૨૫ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૭ લોકેશન(ખાડા)૪૬૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૨૯.૫૦૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૮ લોકેશન(ખાડા) ૨૬૫.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૨૮૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૬૨ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૧૫ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલતથા આઈ.સી.નાણાં પેટે રૂા.૫૫/– વસુલ લેવામાં આવેલ તથા પાણીના કુલ –૪૬ કનેકશન આપવામાં આવેલ તથા રોડ પૈકીના દબાણમાં ૦૮ લારી ઉપાડવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૩૩ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૧૧૮ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૯.૫૨ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૬.૧૨ લાખ થયેલ છે.,૧૦ ભહ તથા ૧૬ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૨૧૫૫/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૩૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૪૩ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૬ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૭ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૧૦ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૧૬.૧૬૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૨ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૫૩૫૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૧૦૪૭ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૪૬૦૧ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૭૦ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૧૧૭૭ કરવામાં આવેલ છે. જયારે ૩૪ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૧૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા
## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
## અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં નીચે મુજબની કામગીરી તા.૦૬/૦૭/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ છે.

ટી.પી.સ્કીમ નં.૬(પીપલોદ), ફા.પ્લોટ નં.૩૨, સબ પ્લોટ નં.૩૫ થી ૩૦ વાળી મિલ્કતમાં હયાત ગ્રા.ફલોર ત્ર બે માળની ઉપરની ટેરેસમાં ૧૮.૫૦ મી.× ૧૧.૫૦ મી.(આશરે ૨૧૨.૭૫ ચો.મી.) માપ વિસ્તારમાં પતરાનો શેડનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરી ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ડે.કમિશનરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન તેમજ સીધી દેખરેખ હેઠળ અઠવા ઝોનનાં શહેર વિકાસ વિભાગ તેમજ દબાણ વિભાગ તથા સીકયોરીટી સ્ટાફ સાથે રાખી સદરહું કામગીરી કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં સાકારિત વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ તા.૦૭/૦૭/૨૦૧૫,મંગળવાર ના રોજ માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને તથા માન.અધ્યક્ષશ્રી,પાણી સમિતિ શ્રી ભુપેન્દ્રભાઈ રાઠોડ ના વરદ્દહસ્તે ઓવરહેડ ટાંકીઓનું ઉદ્દ્ઘાટન કરવામાં આવેલ છે.





(૧)વડોદ ખાતે ૧૮ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી ભકચઢકભઢક્ષ્ણ અને ૧૮ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી ભકચઢકભઢક્ષ્જ્ઞ કુલ રૂા.૪.૮૨ કરોડના ખર્ચે સાકારિત કરવામાં આવેલ છે.આ ઓવરહેડ ટાંકી થી તે વિસ્તારના અંદાજે ૩૪,૦૦૦ ની વસ્તીને ૬.૧૪ એમ.એલ.ડી પાણીનો પુરવઠો નો લાભ મળશે.

(૨)જીયાવ ખાતે ૧૮ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી ભકચઢકભઢક્ષ્પ કુલ રૂા.૨.૫૦ કરોડના ખર્ચે સાકારિત કરવામાં આવેલ છે.આ ઓવરહેડ ટાંકી થી તે વિસ્તારના અંદાજે ૨૧,૦૦૦ ની વસ્તીને ૩.૮૭ એમ.એલ.ડી પાણીનો પુરવઠો નો લાભ મળશે.

(૩)ભેસ્તાન ખાતે ૨૧ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી ભકચઢકભઢક્ષ, કુલ રૂા.૨.૯૭ કરોડના ખર્ચે સાકારિત કરવામાં આવેલ છે.આ ઓવરહેડ ટાંકી થી તે વિસ્તારના અંદાજે ૨૫,૦૦૦ ની વસ્તીને ૪.૪૬ એમ.એલ.ડી પાણીનો પુરવઠો નો લાભ મળશે.

(૪) પુણા ખાતે ૨૪ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી ભકચઢભઢઘ અને ૨૭ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી ભકચઢભઢપ કુલ રૂા.૭.૪૫ કરોડના ખર્ચે સાકારિત કરવામાં આવેલ છે.આ ઓવરહેડ ટાંકી થી તે વિસ્તારના અંદાજે ૫૪,૦૦૦ ની વસ્તીને પાણીનો લાભ મળશે.હાલમાં ઘરે ઘરે નળ જોડાણ આપવા અંગેની કાર્યવાહી ઝોન ધ્વારા શરૂ કરવામાં આવેલ છે.

(૫)સરથાણા–વાલક ખાતે ૨૧ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી ભકચઢભઢક્ષ કુલ રૂા.૨.૯૭ કરોડના ખર્ચે સાકારિત કરવામાં આવેલ છે.આ ઓવરહેડ ટાંકી થી તે વિસ્તારના અંદાજે ૨૩,૦૦૦ ની વસ્તીને પાણીનો લાભ મળશે. હાલમાં ઘરે ઘરે નળ જોડાણ આપવા અંગેની કાર્યવાહી ઝોન ધ્વારા શરૂ કરવામાં આવેલ છે.

ઉપરોકત વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ પ્રસંગે માન.ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઈ પટેલ (રાજા), માન.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, માન.ડે.મેયર શ્રીમતી રંજનબેન.કે. વેકરીયા, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ, માન.નેતાશ્રી શાસક પક્ષ શ્રી કિશોરભાઈ બિંદલ, મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મીડીયા, અધિકારીશ્રીઓ /કર્મચારીઓ તથા જનતાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

પ્રેસનોટ :–

## મચ્છજન્ય પરિસ્થિતી ઉત્પન્ન કરતા બાંધકામોની સાઈટ ખાતે પશ્ચિમઝોન (રાંદેર) ના વી. બી. ડી. સી. વિભાગ ની સામુહિક ઝુંબેશ :

**સુરત મહાનગર પાલિકા ના પશ્ચિમઝોન ના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ બાંધકામોમાં મચ્છરજન્ય પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં રહે તે મુજબ કાર્યવાહી હાથ ધરવા મે. કમિશ્નરશ્રીના આદેશાનુસાર એડીશનલ સિટીઈજનેરશ્રી અને ઝોનલચીફશ્રી પશ્ચિમઝોન ના સીધા માર્ગદર્શન હેઠળ સામુહિક ઝુંબેશરૂપી કામગીરી વી. બી. ડી. સી. વિભાગ દ્વારા કરવામાં આવેલ આ કામગીરીમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી અને આસી. જંતુનાશક અધિકારીશ્રી પશ્ચિમઝોન ના સીધા સુપર વીઝન હેઠળ કુલ :–૩૭ બાંધકામમાં સર્વેની કામગીરી હાથ ધરતાં મચ્છરજન્ય પરિસ્થિતિની સંભાવના ધરાવતાં ૧૨ બાંધકામની સાઈટના ઓર્ગેનાઈઝરો પાસેથી કુલ :– ૧૧૨૬૦૦ રૂા. વહીવટી ખર્ચ પેટે વસુલાત કરવામાં આવેલ તેમજ જરૂરી જંતુનાશક દવાનો છંટકાવ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. વધુમાં બાંધકામ ખાતે સર્વે દરમ્યાન કુલઃ– ૦૫ મજુરોને તાવના લક્ષણો જણાતાં કુલ :– ૨૨૫ લોહીના નમૂના મેલેરિયાના પરિક્ષણ માટે લેવામાં આવેલ છે.**

**આથી સુરત શહેરના તમામ બાંધકામની સાઈટ ધારકોને જણાવવાનું કે આપના બાંધકામ ખાતે મચ્છરજન્ય પરિસ્થિતિ ઉદભવે નહિ તે મુજબ પાણીનો ભરાવો થવા દેવો નહિં અને સાઈટ ખાતે રહેતાં મજૂરો મચ્છરદાનીમાં સૂવાનો આગ્રહ રાખે તેવી વ્યવસ્થા કરવા સવિશેષ કાળજી રાખવા અનુરોધ કરવામાં આવે છે.**

TOP

પ્રેસનોટ
નોર્થ ઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૬/૦૭/૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૧૭૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૪૬૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૦૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૦૬૯ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૮૮,૯૪,૭૧૨/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૭૪ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૬ એન્ટ્રીમાં રૂા.૫૪,૬૦૦/– અને આર.સી.ની ૪૮ એન્ટ્રીમાં રૂા.૨,૯૬,૯૦૭/– મળી કુલ રૂા.૩,૫૧,૫૦૭/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૧૦૦/–, રીન્યુઅલની ૦૭ એન્ટ્રીમાં રૂા.૩૮૦/– અને દંડની રકમની ૦૭ એન્ટ્રીમાં રૂા.૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભાઘક આવાસં વસુલાત રૂા.૧,૪૩,૮૪૨/– તેમજ દબાણ ચાર્જના રૂા.૫,૪૭૦/– મળી કુલ રૂા.૧,૪૯,૩૧૨/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

**સુરત મહાનગરપાલિકા**

**જાહેર આરોગ્ય વિભાગ**

**પ્રેસનોટ**

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૨૯/૦૬/૨૦૧૫ થી તા.૦૫/૦૭/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોથળા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોથળા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૬,૫૯૦/–, વેસ્ટઝોન – રૂા.૩,૨૫૦/–, સાઉથઝોન – રૂા.૮,૫૨૦/–, સાઉથઈસ્ટઝોન – રૂા.૧૨,૧૬૦/–, સાઉથવેસ્ટઝોન – રૂા.૧૦,૨૨૦/–, નોર્થઝોન – રૂા.૧૧,૫૫૦/– અને ઈસ્ટઝોન – રૂા.૩૯,૦૮૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ રૂા.૯૧,૩૭૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકા
## એફોર્ડેબલ હાઉસીંગ સેલ
## પ્રેસનોટ

મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત ીયન/ ભધક આવાસના તા.૦૧/૦૧/૨૦૧૫, તા.૧૬/૦૧/૨૦૧૫, તા.૧૮/૦૧/૨૦૧૫, તા.૨૦/૦૧/૨૦૧૫, તા.૨૨/૦૧/૨૦૧૫ તેમજ વધારાનો તા.૨૭/૦૨/૨૦૧૫ના રોજ કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરવામાં આવેલ. સદર ડ્રો અંતર્ગતીયન આવાસ ૪૦૮૬ અને ભધક આવાસ ૧૩૩૬ ફાળવવામાં આવ્યા હતા, જે પૈકીીયન આવાસના ૨૦% માર્જીનની રકમનો પ્રથમ હપ્તામાં ૪૦૫૨ અને બીજો હપ્તો ૪૦૧૭ લાભાર્થીઓ દ્વારા ભરવામાં આવ્યો હતો અને બાકી રહેતી ૮૦% રકમ પૈકીનો પ્રથમ હપ્તો ૧૬૪૦ અને બીજો હપ્તો ૬૧૫ લાભાર્થીઓ દ્વારા ભરવામાં આવ્યો હતો, જયારે ભધક આવાસના ૨૦% માર્જીનની રકમનો પ્રથમ હપ્તો ૧૩૩૦ બીજો હપ્તો ૧૩૨૨ લાભાર્થીઓ દ્વારા ભરવામાં આવ્યો હતો અને બાકી રહેતી ૮૦% રકમ પૈકીનો પ્રથમ હપ્તો ૭૬૫ અને બીજો હપ્તો ૪૬૯ લાભાર્થીઓ દ્વારા ભરવામાં આવ્યો હતો. ીયન/ ભધક આવાસો માટેની બેંક લોનનાં ટ્રાય પાર્ટી એગ્રીમેન્ટ અત્યાર સુધીમાં ૬૧૫ લાભાર્થીઓના કરવામાં આવેલ છે તેમજ બીજા ઘણા લાભર્થીઓના બેંક લોન અંગેની પ્રક્રિયા ખુબ જ ઝડપથી ચાલી રહી છે. આથીીયન/ ભધક આવાસના લાભાર્થીઓને જણાવવાનું કે જે લાભાર્થીઓનાં બાકી રહેતા રેગ્યુલર હપ્તા ગાંધીખંડ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત ખાતે તુરંત જમા કરાવવાના રહે છે.

TOP

## સુરત મહાનગરપાલિકા
## એફોર્ડેબલ હાઉસીંગ સેલ
## પ્રેસનોટ

**મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત એલ.આઈ.જી./ઈ.ડબલ્યુ.એસ. આવાસના ભરેલાં ફોર્મ સ્વીકારવા બાબત**

**મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત એલ.આઈ.જી./ ઈ.ડબલ્યુ.એસ. આવાસોનાં સંદર્ભમાં પી.આર.ઓ. નં.૫૧/૨૦૧૫–૧૬ તા.૧૮/૦૪/૨૦૧૫ થી યોજનાના બાકી રહેલ આવાસોનાં જાહેરાતનાં અનુસંધાને આવાસ માટેનાં ભરેલાં ફોર્મ આઈ.સી.આઈ.સી.આઈ.બેંકની પીપલોદ, પુણા કુંભારીયા, રાંદેર, રીંગરોડ, સચીન જી.આઈ.ડી.સી., સહરા દરવાજા, ટેક્ષટાઈલ માર્કેટ, ઉધના, વરાછા, વરાછા મેઈનરોડ, વેસુ, નવાગામ, કામરેજ, કડોદરા, ભટાર, અડાજણ, ભાગળ, સીટી લાઈટ, ઘોડદોડ રોડ, હજીરા, હજીરા એસ્સાર ટાઉનશીપ, કતારગામ, એલ.પી.સવાણી તથા નાનપુરા બ્રાંચ ઉપર ભરેલાં ફોર્મ તા.૧૫/૦૭/૨૦૧૫ સુધી (જાહેર રજાઓ સિવાય) સ્વીકારવામાં આવશે. ભરેલા ફોર્મ જમા કરાવવાની છેલ્લી તક હોય, લાભાર્થીઓને સમય મર્યાદામાં ફોર્મ જમા કરાવવાના રહે છે.**

TOP

**પ્રેસનોટ**

**સુરત મહાનગરપાલિકા જાહેર આરોગ્ય વિભાગ**

**"સ્વચ્છ ભારત અભિયાન"**

**તા.૦૭/૦૭/૨૦૧૫**

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહરે માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવતા, "સ્વચ્છ સુરત, સુંદર સુરત" ની છબી બગડવા ન પામે તે હેતુસર, "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત તા.૦૬ જુલાઈ ૨૦૧૫ થી ૧૧ જુલાઈ ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની ચોથા તબકકાની ચકાસણી મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

જે અન્વયે તા.૦૬/૦૭/૧૫ (સાંજે ૫:૦૦ થી ૭:૦૦) અને તા.૦૭/૦૭/૧૫ (સવારે ૧૧:૦૦ થી ૧:૦૦)સુધીની કામગીરી દરમ્યાન તમામ ઝોન મળી ૧૦,૮૦૫–સંસ્થા / દુકાનો / એકમો ચેક કરવામાં આવ્યા, જે પૈકી ૧૦,૫૯૩–સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૨૧૨–સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ, કામગીરી દરમ્યાન કુલ રૂા.૨૯,૩૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ પરવાનગી વગર બાંધકામ કરતા હોવાની બાબત ધ્યાને આવતા આજરોજ ઝોનની શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગની સંયુકત ટીમ ખાનગી સ્ટાફના બેલદારો સહિત ૩૦ થી વધુ માણસો દ્વારા ડીમોલીશનની કામગીરી  કાર્યપાલક ઈજનેરશ્રીની માર્ગદર્શન હેઠળ તેમજ મે.એડી.સીટી ઈજનેરશ્રીની સીધી સુચનાથી હાથ ધરવામાં આવેલ જેની ટુંકી વિગત નીચે મુજબ છે.

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૮ (ઉમરવાડા),ફા.પ્લોટ નં. ૭૪ પૈકીમાં રાજીવ નગર ની  સાકાર બિલ્ડીંગની પાછળ ખાડિકિનારે ખાડી પુલ પાસે  મિલ્કતદાર હરેશભાઈ ભરવાડ દ્વારા ગ્રા.ફલોર તથા પ્રથમમાળનું આશરે  ૩૫ ફુટ × ૧૫ ફુટ માપવિસ્તારમાં  ગેરકાયદેસર રીતે એંગલો/ ચેનલો ઉભી કરી ગ્રા.ફલોર ઉપર ત્રણ દુકાનો તાણી બાંધવામાં આવેલ. તથા પ્રથમમાળ ઉપર ત્રણ રૂમો બનાવવામાં આવેલ. જે અન્વયે આજ તા.૦૮/૦૭/૧૫ ના રોજ  ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ .જેમાં મિલ્કતદાર દ્વારા અવરોધ ઉભો કરવામાં આવતા પુણા પોલિસ સ્ટેશનના પી.આઈ.શ્રી પરમાર સાહેબની સીધી દોરવણી હેઠળ શહેર વિકાસના સ્ટાફ દ્વારા ગેસ કટર જેવા સાધનથી અત્રેના ઝોનના શહેર વિકાસ સ્ટાફ,દબાણ વિભાગનો સ્ટાફ તથા ખાનગી કોન્ટ્રાકટરના માણસો દ્વારા એમ.એસ.એંગલો અને સેકશનો કાપી નાખી આશરે ૧૧૨૫ ચો.ફુટ જેટલું ગેરકાયદેસર બાંધકામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે.  સદરહુ કામગીરીમાં  સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન કચેરીના ૦૧– આસી.ઈજનેર ,૦૨– ડેપ્યુટી ઈજનેરો,દબાણ ખાતાનો સ્ટાફ તેમજ પ્રાઈવેટ એજન્સીના  મળી કુલ –૩૦ માણસો રોકાયેલ. .તથા આ લખાય છે ત્યાં સુધી સદરહુ કામગીરી ચાલુ રહેવા પામેલ છે.

ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૨ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) ફા.પ્લોટ નં.૧૫૦ / બી માં આવેલ સાંઈ પોઈન્ટ માં બી.યુ.સી. વગર વપરાશ શરૂ કરવામાં આવેલ. જે બાબતે વારંવાર મૌખિક સુચના આપવામાં આવેલ. તેમ છતા બિનઅધિકૃત વપરાશ શરૂ કરેલ.જે બાબતે  અગાઉ ગ્રાઉન્ડ ફલોર  પર આવેલ હયાત દુકાનોમાં સીલ મારવામાં આવેલ. વધુમાં રહેણાંક હેતુ ધરાવતા કુલ –૧૨ ફલેટોને આજરોજ સીલ મારવામાં આવેલ છે તથા બાકી રહેલ રહેણાંક ધરાવતા ફલેટોને દિન –૦૭ માં  વપરાશ બંધ કરી ફલેટ ખાલી કરવા તાકીદ કરવામાં  આવેલ છે તેમજ ડિપોઝીટ પેટે રૂા.૧,૦૦,૦૦૦/–  વસુલ લેવામાં આવેલ છે.

ડ્રા.ટી.પી. સ્કીમ નં.૬૧ (પરવટ–ગોડાદરા) ના બ્લોક નં.૧૯ તથા ૪૨ માં આવેલ શિવપાર્ક સોસાયટીના સબપ્લોટ નં.૨૫ તથા ૨૫/એ માં મિલ્કતદારો દ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ હેતુફેર કરી કોમર્શિયલ બાંધકામ કરાતા અત્રેની કચેરીએથી વારંવાર અટકાવવામાં આવેલ હતું, પરંતુ મિલ્કતદાર દ્વારા બાંધકામ ચાલુ રખાતા અત્રેથી પગલા લેવામાં આવેલ હતા. જે અન્વયે સદર બાંધકામમાં લગાવવામાં આવેલા ચાર નંગ શટર દુર કરી જમા લેવામાં આવેલ હતા અને દંડ પેટે મિલ્કતદાર પાસેથી રૂા.૧૦,૦૦૦ વસુલ લેવામાં આવેલ હતા.

TOP

:: પ્રેસનોટ ::

## ''પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા''

પૂજય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત ''શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા''નું આયોજન તા.૦૮/૦૭/૨૦૧૫ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે વીર સાવરકાર તરણકુંડ, જોગાણીનગર, અડાજણ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું.






બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ્ પ્રતિ રસ–રૂચિ કેળવાય તેવા હેતુથી પ્રતિ વર્ષ યોજાતી આ બાળતરણ સ્પર્ધાનો શુભારંભ તા.૦૮/૦૭/૨૦૧૫ના રોજ સવારે ૮.૩૦ કલાકે શાસક પક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિન્દલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી કિશોરીબેન કાપડિયા, રૂગ્ણાલયો, વૈદ્યકિય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી ડો.રવિન્દ્ર પાટીલ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી કનૈયાભાઈ છત્રપતિ, શ્રી સન્મુખભાઈ જીનવાલા, શ્રી મહેન્દ્રભાઈ લાપસીવાલાએ  લીલી ઝંડી ફરકાવી કરાવ્યો હતો. તરણ સ્પર્ધામાં છોકરાઓ અને છોકરીઓના ૯ થી ૧૧ વર્ષ અને ૧૧ થી ૧૩ વર્ષના વયગૃપ મળી ૪ ગૃપમાં ૧૨૦થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

<u>વયગૃપઃ– ૯ થી ૧૧ વર્ષ</u>

| વિજેતા ક્રમ | વિજેતાના નામ (છોકરાઓ) | વિજેતાના નામ (છોકરીઓ) |
|---|---|---|
| પ્રથમ | રૂદ્ર બકુલભાઈ સારંગ | જોષી અનન્યા અરવિંદભાઈ |
| દ્વિતીય | નાગપુરે કરણ મુકેશભાઈ | કાનીરકર સ્નેહા બકુલભાઈ |
| તૃતીય | ભાણવડિયા તીર્થ સંજય | પટેલ ધરા રોહિતભાઈ |
| આશ્વાસન | સારંગ તન્મય શશાંકકુમાર | પચ્ચીગર ફોરમ એસ. |

<u>વયગૃપઃ– ૧૧ થી ૧૩ વર્ષ</u>

| વિજેતા ક્રમ | વિજેતાના નામ (છોકરાઓ) | વિજેતાના નામ (છોકરીઓ) |
|---|---|---|
| પ્રથમ | સેલર હર્ષિલ વિજયભાઈ | નિયતી પ્રજ્ઞેશ શાહ |
| દ્વિતીય | કાનીરકર નીલય બકુલભાઈ | નાગપુરે સિલ્કી મુકેશ |
| તૃતીય | પટેલ ધરા રોહિતભાઈ | કોરાણે મોનિષ્કા નિતીનભાઈ |
| આશ્વાસન | ચૌહાણ નીલ હેમંતભાઈ | સેલર દર્શના રામચંદ્ર |

TOP

પૂજય શ્રીમોટાએ આપેલ ''ગુરૂજી''ના હુલામણા નામે લોકપ્રિય એવા શ્રી ચીમનલાલ ત્રિભોવનદાસ લાપસીવાલા તરણ પ્રવૃત્તિમાં ખુબ જ ખ્યાતનામ હતા. અને તેથી જ તેમના નામે યોજાયેલ આ બાળતરણ સ્પર્ધાના વિજેતાઓને ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી કિશોરીબેન કાપડિયા, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રીઓ અને ઉપસ્થિત મ્યુનિસિપલ અધિકારીશ્રીઓના હસ્તે રોકડ પુરસ્કાર, ટ્રોફી, વિજેતા પ્રમાણપત્ર અને હરિઃૐ આશ્રમ તરફથી ગીફટ એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર, સ્મૃતિભેટ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રીઓ તરફથી પૂજય શ્રીમોટાની પુસ્તિકા આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, શિક્ષકશ્રીઓ તેમજ વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બાળ તરણવીરોને પ્રોત્સાહિત કર્યા હતા.

TOP

## પ્રેસનોટ
## સાઉથઝોન(ઉધના)
## સુરત મહાનગરપાલિકા

તા.૦૮.૦૭.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૯ ફાઈલના રૂા.૩.૬૫ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૭ લોકેશન(ખાડા)૩૮૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૨૬.૮૯૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૫ લોકેશન(ખાડા) ૧૯૫.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૪ લોકેશન ૧૯૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૬૦ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૧૯ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલતથા આઈ.સી.નાણાં પેટે રૂા.૫૯/– વસુલ લેવામાં  આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦૧ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૧૬૦ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૧૨.૦૯ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૪.૧૯ લાખ થયેલ છે.,૦૮ ભ્હ તથા ૦૫  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૨૦૨/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૨૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૪ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૭ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૨૯૮ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૯ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૧૬.૧૧૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૫ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૧૬૦૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૦૨૬૨ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૨૬૯૧  બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૫૩ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૯૫૨ કરવામાં આવેલ છે. જયારે ૩૩ નોટીસ આપવામાં આવેલ  છે. તથા વહીવટી ખર્ચ પેટે  રૂા.૩૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

પશ્ચિમ ઝોન(રાંદેર)વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૨૩(રાંદેર)માં આવેલ શીતલ ટોકિઝ પાસેના, ફા.પ્લોટ નં.૮૩(ગર્વમેન્ટ ઓફ ગુજરાત)માં દબાણ કરેલ કાચું–પાકું(ચણતર+ પતરાંવાળું) બાંધકામ આશરે ૮૦૦.૦૦ ચો.ફૂટ જેટલો એરિયા તથા ટી.પી.સ્કીમ નાં.૧૩(અડાજણ)માં ટેકરાવાલા સ્કુલથી અપના ઘર સોસાયટી વાળા રસ્તા પર દબાણ કરતાં ૪૦ જેટલા લારી–ગલ્લાઓ  આજ રોજ સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)ના શહેરી વિકાસ વિભાગના દબાણ ખાતાના સ્ટાફ ધ્વારા દૂર કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ કામગીરી એડી.સીટી ઈજનેરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણના સ્ટાફ દ્રારા સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ

નોર્થ ઝોન (કતારગામ)

સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૭/૦૭/૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૭૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૫,૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૨ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૩૫૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૯૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૬,૦૫૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૯૫૨ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૮૦,૩૨,૬૭૯/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૦૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૪૦ એન્ટ્રીમાં રૂા.૮૭,૫૦૦/– અને આર.સી.ની ૬૮ એન્ટ્રીમાં રૂા.૮,૮૭,૮૪૩/– મળી કુલ રૂા.૯,૭૫,૩૪૩/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૧૮૦/–, રીન્યુઅલની ૦૬ એન્ટ્રીમાં રૂા.૩૨૦/– અને દંડની રકમની ૦૬ એન્ટ્રીમાં રૂા.૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૨ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૭ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૩૧ ફાઈલોના રૂા.૧૫,૮૦,૨૯૪/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભઘક આવાસં વસુલાત રૂા.૯૧,૨૪૦/–, દબાણ ચાર્જના રૂા.૪,૩૨૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૮૦૯/– મળી કુલ રૂા.૯૭,૩૬૯/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૪ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

### પ્રેસનોટ
### સુરત મહાનગરપાલિકા જાહેર આરોગ્ય વિભાગ
### ''સ્વચ્છ ભારત અભિયાન''
### તા.૦૮/૦૭/૨૦૧૫

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહરે માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવતા, ''સ્વચ્છ સુરત, સુંદર સુરત'' ની છબી બગડવા ન પામે તે હેતુસર, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંતર્ગત તા.૦૬ જુલાઈ ૨૦૧૫ થી ૧૧ જુલાઈ ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની ચોથા તબકકાની ચકાસણી મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

જે અન્વયે તા.૦૭/૦૭/૧૫ (સાંજે ૫:૦૦ થી ૭:૦૦) અને તા.૦૮/૦૭/૧૫ (સવારે ૧૧:૦૦ થી ૧:૦૦)સુધીની કામગીરી દરમ્યાન તમામ ઝોન મળી ૧૧,૨૫૦–સંસ્થા / દુકાનો / એકમો ચેક કરવામાં આવ્યા, જે પૈકી ૧૧,૦૮૩–સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૧૬૭–સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ, કામગીરી દરમ્યાન કુલ રૂા.૨૬,૩૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

TOP

:: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૩ મી નાટ્ય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિ વર્ષ યોજાતી નાટ્ય સ્પર્ધા ચાલુ વર્ષે ૪૩મી નાટ્ય સ્પર્ધા આગામી સપ્ટેમ્બર–ઓકટોબર ૨૦૧૫માં યોજવામાં આવનાર છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત આ નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ અને કલાકારો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત (ફોન નં.૨૪૨૩૭૫૦ થી ૫૬–ભશત ૨ ×,૫૯ ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મળશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ ઘ્ઘ્ઘ્(ગ્ચ્બ્ન્?ગ્ઘ્ય'ચ્ઉર્બઈન:–ઈય્ઘ પરથી પણ મળી શકશે. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓએ પ્રવેશપત્ર સાથે ₹ ૩,૦૦૦/–ની ડીપોઝીટની રકમ તથા નાટ્યકૃતિની એક કોમ્પ્યુટરાઈઝડ હાર્ડ કોપી અને સોફટ કોપી (સીડી), પ્રવેશ ફોર્મ સાથે તા.૧૦/૦૭/૨૦૧૫ને શુક્રવારના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં આપવાના રહેશે. અધુરી વિગતવાળા પ્રવેશપત્રો રદ થવાને પાત્ર રહેશે.

TOP

પ્રેસનોટ
નોર્થ ઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૮/૦૭/૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૦૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૫,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૯ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૩૩૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૬૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૨,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૦૫૬ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧,૧૦,૪૧,૩૯૮/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૦૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૮ એન્ટ્રીમાં રૂા.૮૪,૧૮૭/– અને આર.સી.ની ૬૨ એન્ટ્રીમાં રૂા.૩,૪૧,૦૬૦/– મળી કુલ રૂા.૪,૨૫,૨૪૭/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૧૬૦/–, રીન્યુઅલની ૦૭ એન્ટ્રીમાં રૂા.૩૬૦/– અને દંડની રકમની ૦૬ એન્ટ્રીમાં રૂા.૧,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૫ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૬ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૧ ફાઈલોના રૂા.૭૧,૭૩૬/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસં વસુલાત રૂા.૬૪,૯૦૫/–, મિલ્કત ભાડાના રૂા.૧,૭૧૦/–, દબાણ ચાર્જના રૂા.૧,૨૯૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૨,૨૫૦/– મળી કુલ રૂા.૭૦,૧૫૫/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૮ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## સાઉથઝોન(ઉધના)
## સુરત મહાનગરપાલિકા

તા.૦૯.૦૭.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૯ ફાઈલના રૂા.૫.૦૦ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૬ લોકેશન(ખાડા)૩૮૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૨૫.૫૨૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૬ લોકેશન(ખાડા) ૨૩૫.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૨૦૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૬૩ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૧૭ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા પાણીના નવા કનેકશન ૧૭ આપવામાં આવેલ તથા રોડ પૈકીના દબાણમાં કુલ–૦૭ લારી ઉપાડવામાં આવેલ  તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૩૮ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૩૬૨ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૯.૫૮ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૩.૮૭ લાખ થયેલ છે.,૧૭ ભહ તથા ૧૩  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૪૦૧/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૮ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૯ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૧ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૯ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૨૬.૮૫૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૧ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૨૯૫૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૧૦૪૪ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૪૦૭૭  બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૬૯ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૧૧૧૦ કરવામાં આવેલ છે. જયારે ૩૪ નોટીસ આપવામાં આવેલ  છે. તથા વહીવટી ખર્ચ પેટે  રૂા.૧૪,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

## "મેલેરીયા–ડેંગ્યું–ચીકનગુનિયા વિરોધી માસ" અંતર્ગત યોજાયેલ ચિત્ર સ્પર્ધા



ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ દરવર્ષની જેમ આ વર્ષે પણ સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન, વીબીડીસી વિભાગ ધ્વારા જુન–જુલાઈ–૨૦૧૫ "મેલેરીયા–ડેંગ્યું–ચીકનગુનિયા વિરોધી માસ" અંતર્ગત સેન્ટ્રલ ઝોન વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં મચ્છર,તેનુ જીવનચક્ર,તેની ઉત્પત્તિ,તેનાથી ફેલાતા રોગો અને તેના અટકાયત માટેના પગલા બાબતે જરૂરી સમજણ કેળવાય તે હેતુસર સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ શાળાઓના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ વચ્ચે તા. ૦૯/૦૭/૨૦૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકા કમ્યુનિટીહોલ, કડીવાલા અને બૂનકી હેલ્થ સેન્ટરની સામે,રૂસ્તમપુરા ખાતે "મેલેરીયા–ડેંગ્યુ–ચીકનગુનિયા વિષયક "ચિત્ર સ્પર્ધા" નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ હતુ.જેમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારની કુલ પર શાળાઓના કુલ ૧૪૭ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.સુરત મહાનગરપાલિકાનો હેતુ આ સ્પર્ધા દરમ્યાન ખુબ જ સારી રીતે સાર્થક થયો હતો.સદર સ્પર્ધાઓ પૈકી દરેક સ્પર્ધામાં સારૂ પ્રદર્શન કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવા અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતિય ઈનામ સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવનાર છે.

સદર સ્પર્ધા સેન્ટ્રલઝોનના આસી. જંતુનાશક અધિકારીશ્રી એન.બી.સુથારના સીધા માર્ગદર્શન અને સુપરવીઝન હેઠળ યોજવામાં આવી હતી.

TOP

## પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા જાહેર આરોગ્ય વિભાગ

## "સ્વચ્છ ભારત અભિયાન"

## તા.૦૯/૦૭/૨૦૧૫

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહરે માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવતા, "સ્વચ્છ સુરત, સુંદર સુરત" ની છબી બગડવા ન પામે તે હેતુસર, "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત તા.૦૬ જુલાઈ ૨૦૧૫ થી ૧૧ જુલાઈ ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની ચોથા તબકકાની ચકાસણી મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

જે અન્વયે તા.૦૮/૦૭/૧૫ (સાંજે ૫:૦૦ થી ૭:૦૦) અને તા.૦૯૦૭/૧૫ (સવારે ૧૧:૦૦ થી ૧:૦૦)સુધીની કામગીરી દરમ્યાન તમામ ઝોન મળી ૧૧,૧૪૮–સંસ્થા / દુકાનો / એકમો ચેક કરવામાં આવ્યા, જે પૈકી ૧૦,૯૨૧–સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૨૨૭ –સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ, કામગીરી દરમ્યાન કુલ રૂા.૩૦,૨૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૯/૦૭/૨૦૧૫નાં રોજ મે.કમિશ્નરશ્રીના આદેશ અનુસાર ખાસ ઝુંબેશ સ્વરૂપે ફુડ વિભાગ અને ઝોનના આરોગ્ય વિભાગના સુપરવાઈઝર સ્ટાફ મારફતે વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી સંદર્ભે હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારીઓ પર વેચાતા ખાદ્ય પદાર્થના ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ.

આ અભિયાન દરમ્યાન ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી કુલ ૧૩૧૧ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારી વિગેરે સંસ્થાઓ ચેક કરી, કુલ ૫૫૪ કાચના ગ્લાસ / પ્લાસ્ટિક / ફાયબર ડીશ જપ્ત કરેલ છે તથા વિવિધ ખામી / ઉણપો બદલ ૪૬૩ નોટીસ પાઠવી, કુલ ૪૨,૭૯૫.૨૦૦ કિ.ગ્રા. અખાદ્યપદાર્થનો નાશ કરવામાં આવેલ છે. વધુમાં, આ અભિયાન દરમ્યાન કુલ ૬૭.૨૦૦ કિ.ગ્રા. પ્રતિબધિત પ્લાસ્ટિક જપ્ત કરી કસુરવારો પાસેથી કુલ રૂા.૨,૬૨,૪૦૦/–વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. આ ઉપરાંત વેસ્ટ ઝોન (રાંદેર) વિસ્તારમાં કોફી કલ્ચર રેસ્ટોરન્ટ, એલ.પી.સવાણી રોડ, કંસાર હોટલ, ગીરનાર હોટલ, હેવમોર રેસ્ટોરન્ટ, મધુવન સર્કલ પાસેને આરોગ્ય સંબંધિત ક્ષતિઓ બદલ નોટીસ પાઠવી વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન(ઉધના) ના આરોગ્ય વિભાગ દ્વારા તા. ૦૯/૦૭/૨૦૧૫ ના રોજ પાંડેસરા વિસ્તારમાં આરોગ્ય લક્ષી ચેકીંગ હાથ ધરવામાં આવેલ . તેમજ બી– ૩૯૭ જલારામ નગર, પાંડેસરા કોમ્યુનીટી હોલની સામે ચાલતા સોસ બનાવતા જયોતિરાદિત્ય ફુડ પ્રોડકટ નામ નાં કારખાનાની વિરુધ્ધ મળેલ ફરીયાદના અનુસંધાનમાં સદર સ્થળે આકસ્મીક આરોગ્ય લક્ષી ચેકીંગ હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન સડેલુ તેમજ જીવાત્વાળુ કોળુ ૪૦૦ કિ.ગ્રા. તેમજ અખાદ્ય બટર ૬૨ કિ.ગ્રા. નો જંતુનાશક દવા છંટકાવ કરી નાશ કરાવેલ છે. કારખાનામાં ખૂબ જ ગંદકી જોવા મળેલ. જેથી રૂા. ૨૦૦૦/– વહીવટી ખર્ચ પણ વસુલ કરવામાં આવેલ છે. તેમાં કામ કરતાં કામદારોનાં કપડા પણ ગંદા હતા અને સદર સ્થળે સ્વચ્છતાનો ખૂબ જ અભાવ જોવા મળેલ. સદર સ્થળે થી ફુડ વિભાગના ફુડ સેફટી ઓફીસર દ્વારા વેચાતા ખાદ્ય પદાર્થના સેમ્પલ લઈ લેબોરટીમાં પૃથ્થકરણ માટે મોકલવા અંગે ની કામગીરી હાથ ધરવામાં આવેલ .

વધુમાં સાઉથ ઝોન (ઉધના )ખાતે આરોગ્ય વિભાગ ના સ્ટાફ ની ૪ ટીમ બનાવી કુલ –૧૩૬ હોટલ રેસ્ટોરન્ટ તેમજ લારી ગલ્લાઓ નું ચેકીગ હાથ ધરી ૧૩૬ કિ.ગ્રા.અખાદ્ય પદાર્થ નો નાશ કરાવવામાં આવેલ છે. અને કસુરવાર ૭૩ ઈસમો પાસે થી રૂા. ૧૩,૧૫૦/– વહીવટી ખર્ચ પેટે વસુલાત કરવામાં આવેલ છે. અને સ્ટીલ/ફાઈબર ડીશ નંગ – ૭૬ જપ્ત કરી કાચનાં ગ્લાસ નંગ – ૧૧૫ નો નાશ કરાવેલ છે.

TOP

## પ્રેસનોટ

## માહે જુન ૨૦૧૫ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

**સ્મીમેર હોસ્પીટલમાં માહે જુન ૨૦૧૫ દરમ્યાન ૪૫૯૫ ઈન્ડોર તથા ૪૫૨૧૨ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૩૦૧૫ તથા ૬૮૪ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૨૦૦૬ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૧૧૧૩અને જુના ૧૬૮૮ દર્દીઓ સહીત કુલ ૨૮૦૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૩૩૯ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૧૮૫ તથા આંખ વિભાગમાં ૨૬૮૯ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૭૨૪૪ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.**

TOP

: પ્રેસનોટ :

## મિલકતવેરા તેમજ વ્યવસાયવેરા વસૂલાત બાબતે

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં અલગ અલગ વિસ્તારોમાં હાલમાં વેરાબીલની કામગીરી ચાલી રહી છે, જેને ધ્યાને લઈ ચાલુ સાલ સને ૨૦૧૫–૧૬ નાં વર્ષમાં ૧૩ સબવોર્ડનાં બીલો છપાઈને કરદાતાને પહોંચાડવાની કામગીરી હાલમાં ચાલી રહી છે. જેને ધ્યાને લઈ હાલમાં પૂર્વઝોન (વરાછા)ની તા.૦૧.૦૭.૨૦૧૫ થી તા.૦૯.૦૭.૨૦૧૫ સુધીમાં મિલકતવેરાની કુલ રૂા. ૫.૩૩ કરોડની તેમજ વ્યવસાયવેરાની કુલ રૂા. ૬૪.૧૩ લાખની વસૂલાત થયેલ છે.

TOP

–: પ્રેસનોટ :–

## સુરત મહાનગરપાલિકા આયોજીત મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા

અલુણાવ્રત્ત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮/૦૭/૨૦૧૫ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધા, બપોરે ૩.૦૦ કલાકે માધ્યમિક વિભાગની મહેંદી સ્પર્ધા અને તા.૨૯/૦૭/૨૦૧૫ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધા નાના વરાછા ગામતળ નગર પ્રાથમિક શાળા પાસે આવેલ સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, નાના વરાછા, સુરત ખાતે તથા તા.૩૦/૦૭/૨૦૧૫ના રોજ સવારે ૯.૦૦ કલાકે ગોરમાગીત સ્પર્ધાનું આયોજન સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. મહેંદી સ્પર્ધામાં સુરત શહેરની પ્રાથમિક / માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગમાં સુરત શહેરની મહિલાઓ ભાગ લઈ શકશે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના વિદ્યાર્થીનીઓએ તેઓના મહેંદી હરિફાઈના પ્રવેશપત્રો જે તે શાળા મારફત જ સાંસ્કૃતિક વિભાગમાં મોકલવાના રહેશે. ગોરમાગીત સ્પર્ધામાં શહેરની પ્રાથમિક શાળાઓની ૮ થી ૧૩ વર્ષની વિદ્યાર્થીની/કન્યાઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી તા.૨૨/૦૭/૨૦૧૫ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા અન્ય ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ મળી શકશે.

TOP

## પ્રેસનોટ

## માહે જુન ૨૦૧૫ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે જુન ૨૦૧૫ દરમ્યાન ૪૫૯૫ ઈન્ડોર તથા ૪૫૨૧૨ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૩૦૧૫ તથા ૬૮૪ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૨૦૦૬ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૧૧૧૩અને જુના ૧૬૮૮ દર્દીઓ સહીત કુલ ૨૮૦૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૩૩૯ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૧૮૫ તથા આંખ વિભાગમાં ૨૬૮૯ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૭૨૪૪ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## લિંબાયત ઝોન

## અખબારી યાદી

સુરતઃ– સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીના આદેશાનુસાર, એડી.સીટી ઈજનેરશ્રી જે.કે. શાહની સુચના મુજબ આજરોજ લિંબાયત ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.પી.એચ.ઉમરીગરના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગના મુખ્ય આરોગ્ય નિરીક્ષક તથા આરોગ્ય નિરિક્ષકોની ટીમ દ્વારા, ઉમરવાડા વોર્ડના ભાઠેના મેઈનરોડ વિસ્તારમાં સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ભાઠેના જંકશન ચાર રસ્તાથી સિધ્ધિવિનાયક મંદિર મેઈનરોડ તરફ જતા મુખ્ય માર્ગ ઉપર આવેલ (૧) સરસ્વતી રેસ્ટોરન્ટ, ૪૧ થી ૫૦ પૈકી પ્લોટ નં.૪૦–એ, દુકાન નં.–૦૭, ભાઠેના–૩, (૨) આપેશ્વર ટી રેસ્ટોરન્ટ, પ્લોટ નં.૪૦, ભાઠેના–૩ (૩) રામદેવ ટી પાન હાઉસ, ભાઠેના મેઈનરોડની સંસ્થાઓમાં અંદર તથા બહાર સરિયામ રસ્તા ઉપર ગંદુ પાણી નાંખી તથા પ્લાસ્ટીક ચાહના કપ મોટી સંખ્યામાં નાંખી ગંદકી કરેલ હોવાનું માલમ પડયું હતું. તેમજ આ સંસ્થાના સંચાલકો આરોગ્ય ખાતાનો બી.પી.એમ.સી. એકટ મુજબના પરવાના વગર ધંધો કરતા માલમ પડયા હતા. જયારે રામદેવ ટી પાન હાઉસમાંથી માવાના કાગળ પણ જપ્ત કરવામાં આવ્યા હતા. જેથી ત્રણે સંસ્થાઓને આદેશાનુસાર, તાત્કાલિક અસરથી નોટીસ આપીને બંધ કરાવવામાં આવી હતી. આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવશે. અન્ય તમામ હોટલ, રેસ્ટોરન્ટ, ચાહની લારીવાળાઓને પ્લાસ્ટીક કપનો ઉપયોગ બંધ કરવા માટે સખ્ત ચેતવણી આપવામાં આવે છે.

TOP

## સ્મીમેર

## પ્રેસનોટ

સ્મીમેર મેડીકલ કોલેજમાં એમ.બી.બી.એસ. અભ્યાસક્રમ માટે એન.આર.આઈ. કવોટાની બેઠકો ઉપર પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે.

સ્મીમેર હોસ્પીટલમાં તા.૦૩/૦૭/૨૦૧૫ થી તા.૦૯/૦૭/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની માહિતી.

સ્મીમેર હોસ્પીટલમાં વિવિધ રોગોની સારવાર અર્થે આવેલ ૧૧૭૩૮ આઉટડોર દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવી. ૧૨૯૩ દર્દીઓને વધુ સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા. આ અઠવાડિયા દરમ્યાન એમ.એલ.સી.ના ૪૩૧ દર્દીઓ નોંધાયેલ છે. આઈ.સી.યુ. વિભાગમાં ૪૬ દર્દીઓને સારવાર આપવામાં આવી.

ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી વિભાગમાં ૧૨૫ સ્ત્રીઓની પ્રસૂતિ કરાવવામાં આવી.

સ્મીમેર હોસ્પીટલમાં ૧૬૩ મેજર ઓપરેશનો તથા ૪૦૧ માયનોર ઓપરેશનો કરવામાં આવેલ છે.

રેડીયોલોજી વિભાગમાં એક્ષ–રે ૩૧૦૫, સોનોગ્રાફી ૬૧૪, એમ.આર.આઈ. ૧૭૪ તથા સીટી સ્કેન ૧૧૮ કરવામાં આવેલ છે.

ડોનર તરફથી બ્લડ બેન્કમાં ૧૬૫ યુનિટ બ્લડ મળેલ છે જયારે ૩૦૬ યુનિટ બ્લડ જરૂરિયાતમંદ દર્દીઓને ઈસ્યુ કરવામાં આવેલ છે.

સ્મીમેરની લેબોરેટરીમાં ૩૦૦૩૫ દર્દીઓના વિવિધ ટેસ્ટ માટેના સેમ્પલો લેવામાં આવ્યા.

જુના ૨૧૭ દર્દીઓ તથા નવા ૮૨ દર્દીઓને હડકવા વિરોધી રસી મુકવામાં આવી.

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

**પ્રેસનોટ**

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**આથી જણાવવાનું કે, તા.૦૮/૦૭/૧૫ ના રોજ મે.કમિશ્નરશ્રી ના અધ્યક્ષતામાં આરોગ્ય અને ઈજનેરી વિભાગની મીટીંગમાં મળેલ સુચના મુજબ તા.૧૦/૦૭/૧૫ ના રોજ સેન્ટ્રલ ઝોનના જુદાજુદા વિસ્તારમાં ખાણીપીણીની લારીઓ તથા હોટલ/રેસ્ટોરન્ટનું ચેકીંગ તથા પ્લાસ્ટીકના કપ, પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓ, શેરડી રસના કાચના ગ્લાસ તથા અન્ય આરોગ્યલક્ષી ખામીઓ બાબતે ચેકીંગ હાથ ધરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.**

**(૧) ચેક કરવામાં આવેલ હોટલ/રેસ્ટોરન્ટની સંખ્યા :– ૩૫૮**

**(૨) ચેક કરવામાં આવેલ શેરડીના રસની લારી/ચાની લારીની સંખ્યા :– ૪૦**

**(૩) વસુલ કરેલ વહીવટી ખર્ચ રૂા.૧,૧૬,૪૦૦.૦૦**

**(૪) ઈસમોની સંખ્યા :– ૨૯૪**

**(૫) આપવામાં આવેલ નોટીસની સંખ્યા :– ૧૭૬**

**(૬) નાશ કરેલ અખાદ્ય પદાર્થ :– ૭૮.૨૦૦ કિ.ગ્રા.**

**(૭) જપ્ત કરેલ પ્લાસ્ટીકનો જથ્થો :– ૧૧.૨૦૦ કિ.ગ્રા.**

**(૮) પ્લાસ્ટીકના કપ :– ૧૨૦૦ નંગ જપ્ત**

**(૯) કાચના ગ્લાસ :– ૫૫ નંગ**

TOP

પ્રેસનોટ

નોર્થ ઝોન (કતારગામ)

સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૯/૦૭/૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૯૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૬,૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૭૯૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૨૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૭૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ. આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૬૭૫ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૪૮,૭૦,૭૮૬/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૬૬ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૮ એન્ટ્રીમાં રૂા.૫૬,૪૪૦/– અને આર.સી.ની ૩૮ એન્ટ્રીમાં રૂા.૧૦,૪૮,૩૪૦/– મળી કુલ રૂા.૧૧,૦૪,૭૮૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૩ એન્ટ્રીમાં રૂા.૬૦/–, રીન્યુઅલની ૧૨ એન્ટ્રીમાં રૂા.૬૨૦/– અને દંડની રકમની ૧૧ એન્ટ્રીમાં રૂા.૧,૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૮ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી તેમજ નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૯,૨૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૧૮ ફાઈલોના રૂા.૭,૪૦,૩૮૫/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસં વસુલાત રૂા.૧,૦૦,૯૭૫/–, મિલ્કત ભાડાના રૂા.૨,૩૪૨/– તેમજ દબાણ ચાર્જના રૂા.૩,૧૮૦/– મળી કુલ રૂા.૧,૦૬,૪૯૭/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૮ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૩/૭/૨૦૧૫ થી તા.૧૦/૭/૨૦૧૫ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન, સાઉથ–ઈસ્ટ ઝોન, સાઉથ ઝોન તથા વેસ્ટઝોનમાં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૪૫,૧૬૫/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૧૨,૦૫૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૮૮.૫૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૬૬.૨૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૬૦ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૫૯,૬૨૫/– ની વસુલાત કરવામાં આવેલ છે. અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ–૯૦(એ)(૧) મુજબ ૧૦ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૬,૬૩૫/– અને ૭,૦૫૩/– મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે રૂા.૧૫,૫૮,૭૫૦/– અને રૂા. ૨,૯૩,૪૧૦/– રકમ મળી કુલ રકમ રૂા. ૧૮,૫૨,૧૬૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાએ એક યાદીમાં જણાવે છે.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૧૦.૦૭.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૨ ફાઈલના રૂા.૬.૨૦ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૫ લોકેશન(ખાડા) ૨૪૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૫ લોકેશન ૨૦૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૫૬ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૨૧ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૫૩ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૨૪૦ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૯.૫૪ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૪.૬૩ લાખ થયેલ છે.,૦૫ ભહ તથા ૦૨ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૨૨૧/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૩૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૩૯ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૩ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૬ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૩ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૦૧.૪૧૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૬ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૪૬૦૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૦૭૨૯ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૩૫૦૯ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૭૯ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૧૧૯૬ કરવામાં આવેલ છે. જયારે ૪૦ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૨૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

**TOP**

## સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૧૦/૦૭/૨૦૧૫નાં રોજ મે.કમિશ્નરશ્રીના આદેશ અનુસાર ખાસ ઝુંબેશ સ્વરૂપે ફુડ વિભાગ અને ઝોનના આરોગ્ય વિભાગના સુપરવાઈઝર સ્ટાફ મારફતે સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની ચોથા તબકકાની ચકાસણી કરવાની ઝુંબેશ તેમજ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારીઓ પર વેચાતા ખાદ્ય પદાર્થના ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ.

જે અન્વયે તા.૦૯/૦૭/૧૫ (સાંજે ૫:૦૦ થી ૭:૦૦) અને તા.૧૦/૦૭/૧૫ (સવારે ૧૧:૦૦ થી ૧:૦૦) સુધીની કામગીરી દરમ્યાન તમામ ઝોન મળી ૧૦,૭૦૩ – સંસ્થા / દુકાનો / એકમો ચેક કરવામાં આવ્યા, જે પૈકી ૧૦,૩૯૪– સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૩૦૯ – સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ, કામગીરી દરમ્યાન કુલ રૂા.૩૯,૫૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

તદઉપરાંત, ઓપરેશન હેલ્થ કેર કામગીરી અન્વયે ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી કુલ–૧૫૪૨ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારી વિગેરે સંસ્થાઓ ચેક કરી, કુલ– ૨૨૬૫ કાચના ગ્લાસ / પ્લાસ્ટિક / ફાયબર ડીશ જપ્ત કરેલ છે તથા વિવિધ ખામી / ઉણપો બદલ ૪૨૫ નોટીસ પાઠવી, કુલ–૪૧૨ કિ.ગ્રા. અખાદ્યપદાર્થનો નાશ કરવામાં આવેલ છે. વધુમાં, આ અભિયાન દરમ્યાન કુલ–૬૩.૮૦૦ કિ.ગ્રા. પ્રતિબધિત પ્લાસ્ટિક જપ્ત કરી કસુરવારો પાસેથી કુલ રૂા.૨,૭૪,૪૦૦/–વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. આમ, ઉપરોકત બંન્ને અભિયાન અંતગર્ત કુલ રૂા.૩,૧૩,૯૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

TOP

## વિના મુલ્યે
## સાઉથ ઝોન (ઉધના)
## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન(ઉધના) ના આરોગ્ય વિભાગ દ્વારા તા. ૦૯/૦૭/૨૦૧૫ ના રોજ પાંડેસરા વિસ્તારમાં આરોગ્ય લક્ષી ચેકીંગ હાથ ધરવામાં આવેલ . તેમજ બી– ૩૯૭ જલારામ નગર, પાંડેસરા કોમ્યનીટી હોલની સામે ચાલતા સોસ બનાવતા જયોતિરાદિત્ય ફુડ પ્રોડકટ નામ નાં કારખાનાની વિરુધ્ધ મળેલ ફરીયાદના અનુસંધાનમાં સદર સ્થળે આકસ્મીક આરોગ્ય લક્ષી ચેકીંગ હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન સડેલુ તેમજ જીવાત્વાળુ કોળુ ૪૦૦ કિ.ગ્રા. તેમજ અખાદ્ય બટર ૬૨ કિ.ગ્રા. નો જંતુનાશક દવા છંટકાવ કરી નાશ કરાવેલ છે. કારખાનામાં ખૂબ જ ગંદકી જોવા મળેલ. જેથી રૂા. ૨૦૦૦/– વહીવટી ખર્ચ પણ વસુલ કરવામાં આવેલ છે. તેમાં કામ કરતાં કામદારોનાં કપડા પણ ગંદા હતા અને સદર સ્થળે સ્વચ્છતાનો ખૂબ જ અભાવ જોવા મળેલ. સદર સ્થળે થી ફુડ વિભાગના ફુડ સેફટી ઓફીસર દ્વારા વેચાતા ખાદ્ય પદાર્થના સેમ્પલ લઈ લેબોરટીમાં પૃથ્થકરણ માટે મોકલવા અંગે ની કામગીરી હાથ ધરવામાં આવેલ .

વધુમાં સાઉથ ઝોન (ઉધના )ખાતે આરોગ્ય વિભાગ ના સ્ટાફ ની ૪ ટીમ બનાવી કુલ –૧૩૬ હોટલ રેસ્ટોરન્ટ તેમજ લારી ગલ્લાઓ નું ચેકીગ હાથ ધરી ૧૩૬ કિ.ગ્રા.અખાદ્ય પદાર્થ નો નાશ કરાવવામાં આવેલ છે. અને કસુરવાર ૭૩ ઈસમો પાસે થી રૂા. ૧૩,૧૫૦/– વહીવટી ખર્ચ પેટે વસુલાત કરવામાં આવેલ છે. અને સ્ટીલ/ફાઈબર ડીશ નંગ – ૭૬ જપ્ત કરી કાચનાં ગ્લાસ નંગ – ૧૧૫ નો નાશ કરાવેલ છે.

TOP

**:: પ્રેસનોટ ::**

# સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૩ મી નાટ્ય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિ વર્ષ યોજાતી ૪૩મી નાટ્ય સ્પર્ધાનું આયોજન આગામી સપ્ટેમ્બર માસમાં કરવામાં આવનાર છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત આ નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ અને કલાકારો ભાગ લઈ શકે તે માટેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ ખાતે તા.૨૦/૦૬/૨૦૧૫થી તા. ૧૦/૦૭/૨૦૧૫ સુધી ઉપલબ્ધ હતા. ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પર પણ મૂકવામાં આવ્યા હતા.નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ ૧૦/૦૭/૨૦૧૫ સુધીમાં કુલ–૨૪ નાટ્ય સંસ્થાઓના પ્રવેશ ફોર્મ મળેલ છે.નાટ્ય સંસ્થાઓના નામ નીચે મુજબ છે.

| ક્રમ | સંસ્થાનું નામ |
|---|---|
| ૧ | સ્વરમ્ એન્ટર ટેઈનેર |
| ૨ | રંગઅંશ થિએટર |
| ૩ | દિપ આર્ટસ |
| ૪ | લક્ષ્ય એન્ટરટેઈનમેન્ટ |
| ૫ | મલ્હાર |
| ૬ | આશિયાના પરિવાર |
| ૭ | નવરંગ આર્ટસ |
| ૮ | રાષ્ટ્રીય કલા કેન્દ્ર |
| ૯ | ડાયમંડ સીટી પ્રોડકશન્સ |
| ૧૦ | સીલ્યુએટ થીએટર્સ |
| ૧૧ | મલયમ ગૃપ આર્ટ થીએટર્સ |
| ૧૨ | રાજ ગૃપ થીયેટર્સ એન્ડ પર્ફોમીગ આર્ટસ |
| ૧૩ | સંવેદના થિએટર |
| ૧૪ | ૩૦ ફેબ્રુઆરી |
| ૧૫ | ફોરમ આર્ટસ |
| ૧૬ | રંગપૂજા થીયેટર |
| ૧૭ | પીએચસેવન થીયેટર્સ |
| ૧૮ | સેવન પ્રોડકશન્સ |
| ૧૯ | અસ્તિત્વ |
| ૨૦ | ઈવોલ્વ મલ્ટીમીડીયા |
| ૨૧ | રંગકર્મી |
| ૨૨ | સ્પર્શ |
| ૨૩ | કે.ડી.એન્ટરટેઈનર્સ |
| ૨૪ | સંભવ ગૃપ |

ફાઈનલ સ્પર્ધાની પસંદગી માટેની સ્ક્રુટિની રાઉન્ડ તેમજ અન્ય બાબતો નિર્ણાયક સમિતિ દ્વારા નકકી થયેથી નાટય સંસ્થાઓને જાણ કરવામાં આવશે.

સમાચારયાદી નં. 555
તા.૧૧/૦૭/૨૦૧૫.
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

TOP

## –: પ્રેસનોટ :–

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૧૧/૦૭/૨૦૧૫ ના રોજ પુણા શહેરી આરોગ્ય કેન્દ્ર,બોરડા ફાર્મ રોડ,પોલીસ સ્ટેશન ચોકી પાસે,પુણા,સુરત.ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.




આ પ્રસંગે આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનીલભાઈ બિસ્કીટવાલા,રૂગ્ણાલય સમિતિ ચેરમેનશ્રી ડો.રવીન્દ્ર પાટીલ, ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિ.)ડો.હેમંત દેસાઈ,મ્યુનિ.સદસ્યશ્રી મણીભાઈ માંડવીયા, ઈ.ચા.આરોગ્ય અધિકારીશ્રી ડો.કે.એ.શ્રોફ,ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી.ડી.સી.ભગવાગર,નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.કે.નિગમ,આસી.જંતુનાશક અધિકારી જે.પી.વાગડીયા તેમજ સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત,પુણા/સીમાડા શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો,આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કાર્યક્રમનાં શુભારંભે ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ)ડો.હેમંત એસ.દેસાઈએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કરી પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, સુરત મહાનગરપાલિકા છેલ્લા નવ વર્ષથી વિના મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પોનું આયોજન કરે છે.''સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન/સારવાર આપવામાં આવે છે.આ કેમ્પમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવશે.જરૂર જણાય તેવા કેસોને મસ્કતી/સ્મીમેર/નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને મદદરૂપ થવા જણાવેલ હતુ.

રૂગ્ણાલય સમિતિ ચેરમેનશ્રી ડો.રવીન્દ્ર પાટીલએ પોતાનાં પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતું કે ચોમાસાની ઋતુમાં રોગચાળાનુ પ્રમાણ વધારે જોવા મળતુ હોવાથી સુરત મહાનગરપાલિકા આવા મેડીકલ કેમ્પો દરેક ઝોનમાં યોજે છે.તેમજ જાહેર જનતાને રોગ ચાળા વિષે જાણકારી મળે તે માટે આરોગ્ય લક્ષી પ્રદર્શન પણ દરેક ઝોનમાં યોજે છે જેથી જાહેર જનતાને આવા નિષ્ણાંત ડોકટરોની સેવા લેવા તેમજ પ્રદર્શનનો લાભ લેવા જણાવ્યુ હતું.વધુમાં ડાયાબીટીસની સારવાર જુલાઈ માસથી દરેક હેલ્થ સેન્ટરમાં વિના મુલ્યે કરવામાં આવે છે એમ જણાવ્યુ હતું.

આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી અનીલભાઈ બિસ્કીટવાલાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ કે,આ વર્ષનો આ બીજો મેડીકલ કેમ્પ છે.સુરત શહેરનો ખુબજ ઝડપથી વિકાસ થઈ રહયો છે.જેની સાથે સાથે સુરત મહાનગરપાલિકા શહેરના નાગરીકોને ઉત્તમ પ્રકારની આરોગ્યલક્ષી સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સતત જાગૃત છે.જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા તમામ ઝોનમાં સ્લમ–સ્લમલાઈક વિસ્તારોમાં પ્રતિ વર્ષ વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પો યોજે છે.જેનો લાભ લેવા નાગરીકોને વિનંતી કરી હતી.મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી નાગરિકોને સ્વચ્છતા અંગે કાળજી રાખવા,યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારી મેળવી તકેદારી રાખવા તેમજ મા અમૃતમ યોજનાનો વધુ લાભ લેવા તથા મેડીકલ કેમ્પનો લાભ લેવા જણાવ્યું હતું''

TOP

ઈ.ચા.આરોગ્ય અધિકારીશ્રી કે.એ.શ્રોફ પ્રાસંગિક પ્રવચનમાં પાણી જન્ય રોગો સામે તકેદરી રાખવા જાહેર જનતાને અનુરોધ કરતા જણાવ્યુ હતુ કે,સરકારશ્રીની આરોગ્ય લક્ષી ચાલતી તમામ સેવાની વિગત વાર માહિતી અને લાભ લેવા જાહેર જનતાને જણાવ્યું હતું.તેમજ ઘરની આજુ બાજુ સ્વચ્છતા રાખવા તથા ગમે ત્યાં કચરો ન નાખવા જાહેર અપીલ કરી હતી.આ જ્ઞાન તમારા નાના બાળકોને પણ આપવા જણાવ્યુ હતું.તેમને જણાવ્યુ હતુ કે બહેનોએ મા–અમૃતમ યોજનાનાં આરોગ્ય હેલ્થ કાર્ડનો વધુમાં વધુ લાભ લેવા જણાવ્યુ હતુ.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી.મેડીકલ કેમ્પમાં પુણા શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૬૯૭ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૮૨ચામડીના નિષ્ણાત દ્વારા ૧૪૧,સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૩૨,બાળરોગ નિષ્ણાત દ્વારા ૭૨,ફિઝીશ્યન દ્વારા ૧૭૩,સર્જન દ્વારા ૨૮, મેડીકલ ઓફીસર દ્વારા ૪૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૨૩ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા.ઓ.આર.એસ ૭૫ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.૫૭ દર્દીઓને વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી હતી.જુદા–જુદા રોગ અંગેની ૩૩૯૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૫૮૦,ઓરલ પીલ્સ ૦૭ પેકેટ,આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૪૮૦ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૧૦ બાળકને બી.સી.જી.,૪૩ બાળકોને પેન્ટાવેલેન્ટ, ૮૩ બાળકોને પોલીયોની રસી ૬૧ બાળકોને ઓરીની રસી,૩૬ બાળકોને ડી.પી.ટી.૦૧ બાળકોને ટી.ટી.ની રસી આપવામાં આવી હતી.

નોંધ :– આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ.૧૮/૦૭/૧૫ના રોજ ડીંડોલી શહેરી આરોગ્ય કેન્દ્ર,ડીંડોલી રેલ્વે ફાટકની સામે,સાંઈનગર ડીંડોલી,સુરત, ખાતે રાખવામાં આવેલ છે.તો આ વિસ્તારની જાહેર જનતાને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન માં  સમાવિષ્ટ મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં.૪૦(ડીંડોલી–લિંબાયત) માં આવેલ ફા.પ્લોટ નં.૬/એ માં આવેલ સંજયનગર–૧ ના સબપ્લોટ નંબર ૨ માં આવેલ "જગદિશ હોટલ"  નું આજરોજ લિંબાયત ઝોન દ્વારા ગેરકાયદેસર બાંધકામ અન્વયે  ડિમોલીશનની કાર્યવાહી કરવામાં આવેલ.

સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૪૦(ડીંડોલી–લિંબાયત) માં આવેલ ફા.પ્લોટ નં.૬/એ માં આવેલ સંજયનગર–૧ ના સબપ્લોટ નંબર ૨ માં આવેલ "જગદિશ હોટેલ" ના  મિલ્કતદાર વિશ્વાસ યાદવ મહાજન દ્વારા રસ્તાની જગ્યામાં તેમજ રીઝર્વેશન પ્લોટ આર–૫ ની જગ્યામાં ગેરકાયદેસર રીતે પતરાની હોટલ બનાવવામાં આવેલ. સદર હોટલને અત્રેની કચેરીના સ્ટાફ દ્વારા વારંવાર સુચનાઓ આપી ગેરકાયદેસર હોટલ ને દુર કરવા જણાવવામાં આવેલ. પરંતુ મિલ્કતદાર દ્વારા અત્રેથી આપવામા આવેલ ચેતવણી ને અવગણીને  પતરના શેડની હોટલ ચાલુ રાખવામા આવેલ જેથી તા. ૧૩/૦૭/૨૦૧૫ ના રોજ સદર હોટલના આશરે ૧૨૦૦ ચો.ફૂટ માપ જેટલા વિસ્તારમાં કરવામાં આવેલ પતરાના શેડ ના ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ.અને બે જેટલા લારી–કાઉન્ટર જમા લેવામાં આવેલ હતા. તેમજ સદર હોટલની બાજુમાં અંદાજે ૧૦૦. ચો.ફુટ માપનું ઝુંપડુ  દુર કરવામાં આવેલ હતું.

સદરહુ કામગીરીમાં ખાનગી કોન્ટ્રાકટરના માણસો તેમજ દબાણ વિભાગના સ્ટાફ તેમજ  શહેર વિકાસ વિભાગના આસી.ઈજનેરો રોકાયેલ.

TOP

## લિંબાયત ઝોન

## અખબારી યાદી

સુરતઃ– સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીના આદેશાનુસાર, એડી.સીટી ઈજનેરશ્રી જે.કે. શાહની સુચના મુજબ, લિંબાયત ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.પી.એચ.ઉમરીગરના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગના મુખ્ય આરોગ્ય નિરીક્ષક તથા આરોગ્ય નિરિક્ષકોની ટીમ દ્વારા, લિંબાયત ઝોનની જુદી–જુદી વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં આવેલ ખાદ્ય/અખાદ્ય પદાર્થ વેચતી સંસ્થાઓ તેમજ હોટલ/રેસ્ટોરન્ટમાં તા.૦૧/૦૪/૨૦૧૫ થી આજદિન સુધી ૨૪૫૧ ઈસમો પાસેથી રૂા. ૭,૬૪,૫૦૦/– વહીવટીખર્ચ પેટે વસુલ લેવામાં આવેલ છે. જે પૈકી ચોમાસાની ઋતુને ઘ્યાને લઈ તા.૦૧/૦૭/૨૦૧૫ થી તા.૧૨/૦૭/૨૦૧૫ સુધી આરોગ્યલક્ષી સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમ્યાન ખાદ્ય/અખાદ્ય સંસ્થા હોટલ/રેસ્ટોરન્ટમાં જુદી–જુદી આરોગ્યલક્ષી ખામીઓને કારણે કુલ–૩૬૫ નોટીસ/ચેતવણી આપી ૪૨૬ ઈસમો પાસે રૂા.૧,૦૫,૪૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

નિલગીરી સર્કલ પાસે આવેલ દવાખાનામાંથી નિકળતો જૈવીક કચરો દવાખાનાની નજીક આવેલ કન્ટેઈનરમાં નિકાલ કરતા માલુમ પડતા સંજીવની કલીનીકના ડો.સંજય અમૃતીયા પાસેથી નોટીસ આપી રૂા.૫૦૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ હતો. ઉપરાંત મોડેન ટાઉન રોડ પરવત પાટીયા અને મહારાણા પ્રતાપ રોડ, ગોડાદરા ખાતેની ગેરકાયદેસર માર્કેટમાં બેસતા ૧૪૮ ફેરીયાઓ પાસેથી ન્યુસન્સ કરવા બદલ વહીવટી ખર્ચ પેટે રૂા.૧૪,૪૦૦/– વસુલ લેવામાં આવ્યો હતો. તેમજ ૧૨ કિલોગ્રામ પ્લાસ્ટીકની થેલી/ઝભલા જપ્ત કરવામાં આવ્યા હતા. પાણી–પુરીના ૦૯ સ્ટોલ બંધ કરાવી, ૧૧૨ લિટર પાણીપુરીના પાણીનો નાશ કરવામાં આવ્યો હતો. આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવશે. અન્ય તમામ હોટલ, રેસ્ટોરન્ટ, ચાહની લારીવાળાઓને પ્લાસ્ટીક કપનો ઉપયોગ બંધ કરવા માટે સખ્ત ચેતવણી આપવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

અઠવા ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ શહેર વિકાસના કામમાં નડતરરૂપ આંબેડકરનગર, રસુલાબાદ, આઝાદનગર ઝુંપડપટ્ટીનાં માન્ય યાદીના–૧૩ તથા ટી.પી.સ્કીમ નં. ૪ (રૂંઢ–મગદલ્લા) ફા.પ્લોટ નં. ૬૩ પૈકી ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧ મળી કુલ – ૧૪ લાભાર્થીઓને વડોદ રે.સ.નં. ૧૨ (૧૩ લાભાર્થીઓ) , ટી.પી. સ્કીમ નં. ૫૪ (ભેસ્તાન) ફા.પ્લોટ નં. ૧/એ (૦૧ લાભાર્થી) ખાતે સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા વઘ્દગચોઢ ખકગ. યોજના અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૧૦/૦૭/૨૦૧૫ ના રોજ સાંજે ૦૫.૦૦ કલાકે અઠવા ઝોન કચેરી ખાતે અઠવા ઝોનના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉચુ લાવી શકાશે.

TOP

પ્રેસનોટ

નોર્થ ઝોન (કતારગામ)

સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૦/૦૭/૨૦૧૫ થી તા.૧૨/૦૭/૨૦૧૫ સુધીના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૮૩૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૧૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫૧,૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૧૪ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૫૧૭૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૮૦૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૭૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૩૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧,૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૮૮૯ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૬૭,૪૫,૮૫૪/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૦૭ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૫ એન્ટ્રીમાં રૂા.૭૦,૪૦૦/– અને આર.સી.ની ૭૨ એન્ટ્રીમાં રૂા.૪,૯૦,૮૦૫/– મળી કુલ રૂા.૫,૬૧,૨૦૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૨ એન્ટ્રીમાં રૂા.૪૦/–, રીન્યુઅલની ૨૪ એન્ટ્રીમાં રૂા.૧૩૬૦/– અને દંડની રકમની ૧૮ એન્ટ્રીમાં રૂા.૪,૭૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૪૦ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૩ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ તેમજ ૦૬ નવા ડ્રેનેજ કનેકશન આપેલ.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૨૫ ફાઈલોના રૂા.૩,૭૦,૩૦૩/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસં વસુલાત રૂા.૮૨,૦૪૪/–, મિલ્કત ભાડાના રૂા.૫,૦૪૩/–, હોડીંગ્સ ચાર્જના રૂા.૭,૮૭૨/–, દબાણ ચાર્જના રૂા.૧,૯૨૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૦૯૦/– મળી કુલ રૂા.૯૭,૯૬૯/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૪૫ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

૧૩.૦૭.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩૦ ફાઈલના રૂા.૧૦.૦૭ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૮ લોકેશન(ખાડા)૫૨૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૩૩.૫૫૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૬ લોકેશન(ખાડા) ૧૨૫.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૨૧૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૬૪ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૨૫ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા ટી.પી.૨ , ફા. પ્લોટ નં. ૨૯ માં ૧૦૦૦ ચો.ફુટ સ્કુલનું બાંધકામ દૂર કરી વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ  તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૩૬ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૨૧૪ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૩૮.૦૬ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૧૧.૮૬ લાખ થયેલ છે.,૦૭ ભહ તથા ૦૫  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૧૭૦/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૨૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૪ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૭ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૭ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૨ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૦૯.૨૭૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૦ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૨૯૦૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૦૯૧૮ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૩૫૩૧  બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૧૧૪ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૧૨૬૬ કરવામાં આવેલ છે. જયારે ૪૪ નોટીસ આપવામાં આવેલ  છે.

TOP

## પ્રેસનોટ

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

**સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર વોર્ડ નં.૭, નોંધ નં.૧૦૧૯ પૈકી કતારગામ દરવાજા, સુરત વાળી મિલ્કતમાં વગર પરવાનગીએ મિલ્કતના હિત ધરાવનારા ધ્વારા ગ્રાઉન્ડ ફ્લોર પર આગળના ભાગમાં આશરે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ સ્લેબ તથા કોલમનું શટરીંગ દૂર કરી, કોલમ તોડી ગ્રાઉન્ડ ફ્લોરના પાછળના ભાગમાં આશરે ૧૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ભરવામાં આવેલ સ્લેબ સહિતનું બાંધકામ તા.૧૩/૦૭/૧૫ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.**

TOP

## સુરત મહાનગરપાલિકા
## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
## અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં ગૃડા એકટ–૨૦૧૧ હેઠળની અરજીઓ અન્વયે ભરપાઈ કરવા પાત્ર બાકી રહેતા નાણા ભરપાઈ કરવા સામે વારંવાર ટેલિફોનીક તેમજ રૂબરૂ મૌખિક સમજ મિલ્કતદારોને આપ્યા છતા આજદિન સુધી નાણા મિલ્કતદારો દ્વારા ભરપાઈ કરવામાં ન આવતાં અત્રેથી કોમર્શીયલ હેતુસરની મિલ્કતોમાં નાણા વસુલાત અંગેની સઘન ઝુંબેશ શરૂ કરવામાં આવેલ. જેમાં મિલ્કત સીલ કરવા સુધીની કાર્યવાહી હાથ ધરેલ. જેના પરિણામરૂપે તા.૦૯/૦૭/૨૦૧૫ ના રોજ રૂા.૫,૦૫,૮૪૫/–, તા.૧૦/૦૭/૧૫ ના રોજ રૂા.૭,૦૧,૦૭૫/– તેમજ તા.૧૩/૦૭/૧૫ ના રોજ રૂા.૨,૧૨,૨૨૫/– મળી કુલ રૂા.૧૪,૧૯,૧૪૫/–ની વસુલાત કરવામાં આવેલ છે. વધુમાં જણાવવાનું કે, કોમર્શીયલ મિલ્કતોમાં નાણા વસુલાત અંગેની ઝુંબેશ ચાલુ રહેનાર છે તથા આગામી દિવસોમાં પણ રહેણાંક તેમજ અન્ય હેતુસરની મિલ્કતોમાં ઈમ્પેકટ ફીના નાણા ભરપાઈ કરવાના બાકી હોય તેવી મિલ્કતોમાં પણ આ પ્રકારની સીલ મારવાની કાર્યવાહી ચાલુ રાખવામાં આવનાર છે તેમજ નાણા વસુલાતની કાર્યવાહી ચાલુ રહેનાર છે.

ઉપરોકત કામગીરી અઠવા ઝોનનાં શહેર વિકાસ વિભાગ તેમજ દબાણ વિભાગ તથા સીકયોરીટી સ્ટાફ સાથે રાખી હાથ ધરવામાં આવેલ છે.

TOP

## :: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૩ મી નાટ્ય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિ વર્ષ યોજાતી ૪૩મી નાટ્ય સ્પર્ધાનું આયોજન  આગામી સપ્ટેમ્બર માસમાં કરવામાં આવનાર છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત આ નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ અને કલાકારો ભાગ લઈ શકે  તે માટેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ ખાતે તા.૨૦/૦૬/૨૦૧૫થી તા. ૧૦/૦૭/૨૦૧૫ સુધી ઉપલબ્ધ હતા. ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ દ્દદ્દઈ(ગ્રબ્ત?ગ્ધ્રર'ય્ઉર્બ્ઈન:–ઈય્ધ પર પણ મૂકવામાં આવ્યા હતા.નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ ૧૦/૦૭/૨૦૧૫ સુધીમાં કુલ–૨૪  નાટ્ય સંસ્થાઓના પ્રવેશ ફોર્મ મળેલ છે.નાટ્ય સંસ્થાઓના નામ નીચે મુજબ છે.

| ક્રમ | સંસ્થાનું નામ | નાટકનું નામ |
|---|---|---|
| ૧ | સ્વરમ્ એન્ટર ટેઈનેર | – |
| ૨ | રંગઅંશ થિએટર | શુભ ડિંગલમ્ સાવધાન |
| ૩ | દિપ આર્ટસ | મૃત્યુકર્તા |
| ૪ | લક્ષ્ય એન્ટરટેઈનમેન્ટ | બેબી |
| ૫ | મલ્હાર | સુખને એક ચાન્સ આપો |
| ૬ | આશિયાના પરિવાર | આથમતી સાંજે ઉગતા શમણા |
| ૭ | નવરંગ આર્ટસ | – |
| ૮ | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | એ પાછી આવશે. |
| ૯ | ડાયમંડ સીટી પ્રોડકશન્સ | સાથી |
| ૧૦ | સીલ્યુએટ થીએટર્સ | ચલો એકબાર ફીરસે |
| ૧૧ | મલયમ ગૃપ આર્ટ થીએટર્સ | મનસુખને બચાવો |
| ૧૨ | રાજ ગૃપ થીયેટર્સ એન્ડ પર્ફોમીંગ આર્ટસ | સખારામ બાઈંડર |
| ૧૩ | સંવેદના થિએટર | કાલકોઠરી |
| ૧૪ | ૩૦ ફેબ્રુઆરી | લવ લેટર્સ |
| ૧૫ | ફોરમ આર્ટસ | મીરાં |
| ૧૬ | રંગપૂજા થીયેટર | ખુશાલી.... પપ્પાની |
| ૧૭ | પીએચસેવન થીયેટર્સ | ચરિત્ર |
| ૧૮ | સેવન પ્રોડકશન્સ | મા@દિકરી.com |
| ૧૯ | અસ્તિત્વ | તું અને તારી યાદો |
| ૨૦ | ઈવોલ્વ મલ્ટીમીડીયા | વારાફરતી વારો, મારા પછી.. |
| ૨૧ | રંગકર્મી | ફીડલર ઓન ધ રૂફ |
| ૨૨ | સ્પર્શ | – |
| ૨૩ | કે.ડી.એન્ટરટેઈનર્સ | યુ ટર્ન |
| ૨૪ | સંભવ ગૃપ | – |

ફાઈનલ સ્પર્ધાની પસંદગી માટેની સ્ક્રુટિની રાઉન્ડ તેમજ અન્ય બાબતો નિર્ણાયક સમિતિ દ્વારા નકકી થયેથી નાટય સંસ્થાઓને જાણ કરવામાં આવશે.

TOP